ક્રિ.પ.અ.નં. ૩૪૭/૨૦૨૬

| | | |
|---|---|---|
| રજુ તારીખ | : | ૦૬.૦૬.૨૦૨૬ |
| દાખલ તારીખ | : | ૦૬.૦૬.૨૦૨૬ |
| નિકાલ તારીખ | : | ૧૭.૦૬.૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ માસ દિવસ |
| | | ૦૦ ૦૦ ૧૧ |

**મહીસાગરનાં મહેરબાન સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુ. લુણાવડા, જી. મહીસાગર**

**ક્રિમિનલ પરચુરણ અરજી નં.૩૪૭/૨૦૨૬**

**આંક :- ૦૬**

**અરજદારો :-** (૧) **ભગવાનલાલ સવા ઓડ,**
ઉ.વ.આ.૩૨, ધંધો-ખેતી, પશુપાલન
રહે. ૫૭૬, સાલવીયો કા મહોલ્લા,
ઢીકલી પો.સ્ટે., તા.બડગાવ,
જી.ઉદેપુર, રાજસ્થાન.

(૨) **માનસિંહ જગનસિંહ ચૌધરી,**
ઉ.વ.આ.૪૩, ધંધો-ખેતી,પશુપાલન
રહે. નાની તલાઈ, ઢીકલી પો.સ્ટે.
પ્રતાપનગર, તા.બડગાવ,
જી.ઉદેપુર, રાજસ્થાન.

**વિરૂદ્ધ**

**સામાવાળા :-** **ધી સ્ટેટ ઓફ ગુજરાત**

**બાબત :- ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી...**

અરજદારો તરફે વિ.વ. **શ્રી એચ.એમ.ઠાકોર**
સામાવાળા તરફે વિ.પી.પી. **શ્રી એસ.આર.ડામોર**

**-: ઠ રા વ :-**

(૧) સદર અરજદારો વિરૂદ્ધ બાકોર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૧૧૧૮૭૦૦૧૨૬૦૩૦૧/૨૦૨૬ થી પ્રોહી. એકટની કલમ-૬૫(એ), ૬૫(ઈ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬-બી નાં ગુનાનાં કામે અરજદારો જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, બી.એન.એસ.એસ. ની કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા હાલની અરજી કરેલ છે.

(૨) અરજદારોની અરજીની વિગત એવી છે કે, સદર ગુનો તા.૨૮.૦૫.૨૦૨૬ નાં રોજ નોંધાયેલ અને અરજદારોને અટક કરી ખાનપુરનાં જયુડી.મેજી.ફ.ક.શ્રીની કોર્ટમાં રજુ કરતા અરજદારોનાં રીમાન્ડ મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ અરજદારો તરફે ક્રિ.પ.અ.નં.૭૮/૨૦૨૬ થી જામીન અરજી દાખલ કરેલ, જે અરજી તા.૦૧.૦૬.૨૦૨૬ નાં રોજ નામંજૂર થતાં હાલની રેગ્યુલર જામીન અરજી અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૩) અરજદારોનાં વિ.વ.શ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે, અરજદારો તદ્દન નિર્દોષ છે, અરજદારોએ કોઈ ગુનો કરેલ નથી, અરજદારો સામેના તમામ આક્ષેપો ખોટા, બનાવટી અને ઉપજાવી કાઢેલા છે. અરજદારો સામે મૃત્યુદંડની સજાને પાત્ર ગુનાનો આરોપી બનતો નથી. પોલીસે જે મુદ્દામાલ રીકવર કરેલ છે તે અરજદારોની માલિકી હોવા બાબતે પોલીસ પાસે કોઇ સાબિતી નથી. અરજદારો સ્થળ પરથી પકડાયેલા નથી. કહેવાતો પ્રોહી. મુદ્દામાલ કિંમત રૂા.૨,૮૭,૪૧૨/– નો છે. અરજદારો ખેતી તથા પશુપાલન કરી પોતાનાં પરીવારનું ગુજરાન ચલાવે છે. અરજદારો પોતાનાં વતનમાં વડિલોપાર્જીત સ્થાવર અને જંગમ મીલકતો ધરાવે છે અને કયાંય નાસીભાગી જાય તેવા નથી. અરજદારોને જેલમાં પૂરી રાખવામાં આવે તો તેમનાં ખેતી અને પશુપાલનનાં વ્યવસાયને ભારે માઠી અસર થાય તેમ છે. વધુમાં સદર ગુનાની ટ્રાયલ ચાલતાં લાંબો સમય જાય તેમ છે. અરજદારોને જામીન ઉપર મુકત કરવામાં આવે તો નામદાર કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવા અરજદારો ખુશી છે. અરજદારોને કસ્ટડીમાં રાખવાથી કોઇ જ નવીન પુરાવો મળી શકે તેમ નથી. વધુમાં અરજદાર નં.૧ નાઓ સામે સાબરકાંઠા જીલ્લામાં એક ગુનો નોંધાયેલ છે તથા અરજદાર નં.૨ નાઓ કોઇ ગુનાહિત ઈતિહાસ ધરાવતાં નથી. વધુમાં, જયાં સુધી આરોપો પુરવાર ન થાય ત્યાં સુધી વ્યકિતને નિર્દોષ માનવમાં આવે છે. તેમજ ખોટી રીતે જેલમાં પૂરી રાખવા એ ભારતીય બંધારણની વિરૂધ્ધ હોઇ તેમજ જામીન એક નિયમ અને જેલ તે એક અપવાદ એ સિધ્ધાંત મુજબ અરજદારોને યોગ્ય રકમનાં જામીન ઉપર મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૪) જામીન અરજીનો વિરોધ કરતાં વિ.પી.પી.શ્રી એસ.આર.ડામોર નાઓએ રજુઆત કરેલ છે કે, આ કામનાં અરજદારોએ પ્રોહી. પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે પોતાનાં કબજા ભોગવટાની સફેદ કલરની ટોયટા કંપનીની ફોરચ્યુનર ગાડી રજી.નં.જીજે–૦૪–બીઇ–૯૮૯૭ નીમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો બીયર ટીન કવાટર બોટલ નંગ–૧૩૨૦ કુલ કિંમત રૂા.૨,૮૭,૪૧૨/– નાં મુદ્દામાલ સાથે વોચ દરમ્યાન પકડાઇ જઇ ગુનો કરેલ છે. અરજદારો સ્થળ પરથી મુદ્દામાલ સાથે પકડાયેલ છે. અરજીમાં અરજદારો પશુપાલન, ખેતી કરતાં હોવાનું જણાવેલ છે પરંતુ તે અંગેનો કોઇ પુરાવો રજુ કરેલ નથી. અરજદારો પોતાનાં આર્થિક લાભ માટે સદર પ્રોહી. મુદ્દામાલ હાલોલ મુકામે કયાં ઉતારવાનાં હતા તે અંગે તપાસ કરવાની બાકી છે. અરજદારો રાજસ્થાનનાં રહેવાસી હોય જો અરજદારોને જામીન મુકત કરવામાં આવે તો ટ્રાયલ દરમ્યાન હાજર ન રહે અને ફરીથી આ પ્રકારનો ગુનો કરે તેમ હોય અરજદારોની હાલની અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૫) બંને પક્ષનાં વિ.વ.શ્રીઓની દલીલો ધ્યાને લીધી. અરજદારોની અરજી તથા તે સાથેના દસ્તાવેજી પુરાવા તથા ત.ક.અમલદારનું સોગંદનામું આંક–૫ તથા પોલીસ પેપર્સ વંચાણે લીધા.

(૬) ઉપરોક્ત તમામ હકીકતો તથા પોલીસ તપાસનાં કાગળો ધ્યાને લેતાં, અરજદારો વિરૂધ્ધ બાકોર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૧૧૧૮૭૦૦૧૨૬૦૩૦૧/૨૦૨૬ થી પ્રોહી. એકટની કલમ–૬૫(એ), ૬૫(ઇ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬–બી મુજબનાં ગુનાનો આક્ષેપ છે. ત.ક.અમલદારનું સોગંદનામુ તથા તપાસનાં કાગળો ધ્યાને લેતાં, અરજદારોએ પ્રોહી. પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે પોતાનાં કબજા ભોગવટાની સફેદ કલરની ટોયટા કંપનીની ફોરચ્યુનર ગાડી રજી.નં.જીજે–૦૪–બીઇ–૯૮૯૭ નીમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો બીયર ટીન કવાટર બોટલ નંગ–૧૩૨૦ કુલ કિંમત રૂા.૨,૮૭,૪૧૨/– નાં મુદ્દામાલ સાથે વોચ દરમ્યાન પકડાઇ જઇ ગુનો કરેલ છે. આથી, અરજદારો વિરૂદ્ધ પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાય છે. હાલમાં ગુનાની તપાસ ચાલું છે.

વધુમાં નામ. સુપ્રિમ કોર્ટનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો અનુસાર જામીન અરજીનો નિર્ણય કરતી વખતે પુરાવાઓની ઉંડાણમાં ચર્ચા કરવાની હોતી નથી. જામીન અરજીનાં નિર્ણય સમયે આરોપી કેસ ચાલતાં દરમિયાન હાજર રહે તે સુનિશ્ચિત કરવાનું તેમજ ફરિયાદપક્ષનાં સાહેદોને ધાક–ધમકી, લાલચ, પ્રલોભન આપી તોડે ફોડાવે નહીં અને ફરીથી આ પ્રકારનાં ગુનામાં સંડોવાય નહીં તે નકકી કરવાનું હોય છે.

આમ, નામદાર સુપ્રિમ કોર્ટે પ્રતિપાદિત કરેલ સિદ્ધાંતો ધ્યાને લેતાં તથા હાલનાં ગુનામાં સજાની જોગવાઈ તથા હાલનાં અરજદારોનો ગુનામાં ભજવેલ ભાગ જોતાં તથા સદર ગુનો જયુડી.મેજી.ફ.ક.શ્રી દ્વારા ચલાવવાપાત્ર હોય તથા અરજદાર નં.૧ વિરૂધ્ધ એક ગુનો નોંધાયેલ છે અને અરજદાર નં.૨ નો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી તથા અરજદારો રાજસ્થાન રાજ્યનાં ઉદેપુર જિલ્લાનાં રહેવાસી હોય તથા કેસ ચાલતાં દરમિયાન અરજદારોની હાજરી સરળતાથી મળી રહે જે તમામ હકીકતો ધ્યાને લેતાં અરજદારોને અમુક આકરી શરતોને આધિન જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું આ અદાલતનું નમ્રપણે માનવું થતું હોય, ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરું છું.

**–: હુકમ :–**

(૧) અરજદારો/આરોપીઓ **(૧) ભગવાનલાલ સવા ઓડ,** ઉ.વ.આ.૩૨, ધંધો–ખેતી, પશુપાલન, રહે. ૫૭૬, સાલવીયો કા મહોલ્લા, ઢીકલી પો.સ્ટે., તા.બડગાવ, જી.ઉદેપુર, રાજસ્થાન તથા **(૨) માનસિંહ જગનસિંહ ચૌધરી,** ઉ.વ.આ.૪૩, ધંધો–ખેતી,પશુપાલન રહે. નાની તલાઇ,ઢીકલી પો.સ્ટે.,પ્રતાપનગર,તા.બડગાવ,જી.ઉદેપુર, રાજસ્થાન નાઓની હાલની બી.એન.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની અરજી આથી **મંજૂર** કરવામાં આવે છે.

(૨) અરજદારો/આરોપીએ **દરેકે** રૂ.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) નાં જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા **ટ્રાયલ કોર્ટ** માં રજુ કર્યેથી બાકોર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.

૧૧૧૮૭૦૦૧૨૬૦૩૦૧/૨૦૨૬ થી પ્રોહી. એકટની કલમ–૬૫(એ), ૬૫(ઇ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬–બી મુજબનાં કામે નીચેની શરતોને આધિન જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u> :–**

(૧) અરજદારો/આરોપીએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સદર કેસનાં સાક્ષીઓને ધાક–ધમકી આપી, પ્રલોભન, લાલચ આપી તોડવા ફોડવા નહીં તથા પુરાવા સાથે ચેડા કરવા નહીં.

(૨) અરજદારો/આરોપીએ ગુનાની ટ્રાયલ પૂર્ણ થતા સુધી કોર્ટની પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહીં.

(૩) અરજદારો/આરોપીએ ચાર્જશીટ રજુ ન થાય ત્યાં સુધી દર મહિનાની ૧ થી ૫ તારીખ સુધીમાં સવારે કલાક ૧૧:૦૦ થી ૧૪:૦૦ સુધીમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં હાજરી પૂરાવવી.

(૪) અરજદારો/આરોપીએ જામીન રજુ કરતી વખતે પોતાનું હાલનું સરનામું આધાર પુરાવા સાથે સંબંધીત કોર્ટ તથા ત.ક.અમલદાર રૂબરૂ રજુ કરવું તથા કોર્ટની પરવાનગી સિવાય તેમાં ફેરફાર કરવો નહીં.

(૫) અરજદારો/આરોપીએ કેસ ચાલતા દરમિયાન બિનચૂક હાજર રહેવું અને ટ્રાયલમાં પૂરતો સહકાર આપવો.

(૬) અરજદારો/આરોપીઓ પાસપોર્ટ ધરાવતાં હોય તો ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવો અને જો ન ધરાવતાં હોય તો તે લગત સોગંદનામું રજુ કરવું.

**(૩)** હુકમ મુજબ જરૂરી યાદી કરવી.

હુકમ આજ રોજ તારીખ ૧૭ મી, માહે–જુન, સને–૨૦૨૬ નાં રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭.૦૬.૨૦૨૬
લુણાવાડા.

**(એમ.એન.ગડકરી)**
સેશન્સ જજ, લુણાવાડા, જી.મહીસાગર
કોડ નં. જીજે.૦૦૪૨૫

પી.એમ.કાનાબાર,
ગુજ.સ્ટેનો.